(મુળ અંગ્રેજીનું ગુજરાતીમાં ભાષાંતર-કોઈપણ તફાવતમાં મૂળ અંગ્રેજી જાહેરનામુ આખરી રહેશે. ચોકકસ સમજણ- અર્થઘટન માટે મૂળ અંગ્રેજી જાહેરનામાને ધ્યાને લેવા સલાહ આપવામાં આવે છે.)

ફી જાહેનામું

ગુજરાત સરકાર

માર્ગ અને મકાન વિભાગ

નવા સચિવાલય, ગાંધીનગર

નં. જીએસઆરડીસી/ડીપીજી/૧૬૧૭/ ૨૦૧૪

ઇ-ફાઇલ નં. જીએસઆરડીસી/ફી/ઇ-ફાઇલ/૨૧૧૩/૨૦૨૩/૦૦૧૭/એચઓડી

તા. ૨૮/03/૨૦૨૫

સરકારી આદેશ:

1. ગુજરાત રાજય માર્ગ વિકાસ નિગમ લિ. ગાંધીનગર (અહીં હવે પછી જેનો ઉલ્લેખ "જીએસઆરડીસી" તરીકે કરવામાં આવે છે) એ તા. ૦૯/૦૪/૨૦૦૯ના રોજ, ગુજરાત રાજયમાં ડીસા-પાંથાવાડા-ગુંદરી માર્ગ એસ.એચ.-૭ ના કિ.મી. ૧૪૦.૯૨ થી કિ.મી. ૧૮૫.૨૪ના ખંડને સુધારણા અનો મજબુતીકરણ કરવા માટે રણજીત ટોલ રો પ્રા. લિ. (અહીં હવે પછી જેનો ઉલ્લેખ "કન્સેશનર" તરીકે કરવામાં આવ્યો છે) સાથે નિમાર્ણ, સંચાલન અને તબદીલીના ધોરણે કરાર કર્યો છે. આ કન્સેશનર આ કન્સેશન કરારની જોગવાઈઓને સુસંગત રહીને સમગ્ર કન્સેશન સમયગાળા સુધી આ પરિયોજના ધોરીમાર્ગની મોજણી, આલેખન, ઈજનેરી, સંપાદન, નાણાં, બાંધકામ, વ્યવસ્થાપન, સંચાલન અને જાળવણી કરવા સંમત થયા છે.
2. આ કન્સેશન કરારની કલમ-૩ હેઠળ, આ કન્સેશન કરારની કલમ-૩.૧ માં નિયત કરેલ કન્સેશન સમયગાળા માટે કન્સેશનરને આ પરિયોજના નિહિત કરે છે.
3. હવે આ કન્સેશન કરાર હેઠળ, કન્સેશનરના અધિકારીની સ્વીકૃતિમાં આથી ગુજરાત સરકાર, સમર્થન આપે છે. જાહેર કરે છે અને આદેશ કરે છે કે કન્સેશનર અથવા તેમના અધિકૃત એજન્ટ/કર્મચારીઓ, કન્સેશન કરાર અનુસાર કોઠો નં. જી-૨ માં આવા નિશ્ચિત કરેલા વર્ગોના અને વાહનોથી ખેંચવામાં આવતા ટ્રેલર ઉપર, તેમનાં દરેકની સામે નિર્દિષ્ટ કરવામાં નીચે આપેલો કોટો જી-૧, ટોલ પ્લાઝા સ્થાન હેઠળ આવરી લીધેલા અનુભાગની લંબાઈ દર્શાવે છે.

-: કોઠો - જી-૧ : દરેક ટોલપ્લાઝા સ્થળ હેઠળ આવરી લેવાયેલ અનુભાગની લંબાઈ:-

| **અનુભાગનું નામ** | **ટોલપ્લાઝા સ્થળ (કિ.મી.)** | **કુલ લંબાઈ (કિ.મી.)** |
|---|---|---|
| ડીસા-કંસારી માર્ગ ખંડ | ચેઈનેજ કિ.મી. ૧૪૪.૫૦૦ (કંસારી ગામ પાસે) | ૧૨.૦૦ |
| કંસારી -પાંથાવાડા-ગુંદરી માર્ગ ખંડ | કિ.મી. ૧૭૧.૪૫૦ (કંચાવાડા ગામ પાસે) | ૩૨.૩૨૦ |

દરની અનુસુચિ

૧લી એપ્રિલ, ૨૦૨૫ના રોજથી ગુજરાત રાજય ધોરીમાર્ગ-૭ પરના કિ.મી. ૧૪૦.૯૨ થી કિ.મી. ૧૮૫.૨૪ના માર્ગનો ઉપયોગ કરનારા પાસેથી વસુલ કરવાના બેઝ ફીના દર

| અ.નં. | વાહનોનો પ્રકાર | ટોલ દર/ફી (રૂપિયામાં) (વાહન દીઠ એકમાર્ગીય સફર માટે ફીના દર ૧ એપ્રિલ, ૨૦૨૫થી કિલોમીટર દીઠ) (કન્સેશન કરારના શિડયુલ-જી ના કલોઝ-૭ મુજબ) | ડીસા-કંસારી (વાહન દીઠ એકમાર્ગીય સફર માટે ફીના દર રૂપિયામાં) (કન્સેશન કરાર મુજબ વર્ષ - ૨૦૨૫-૨૬ માટે સુધારેલ) | કંસારી-પાંથાવાડા-ગુંદરી (વાહન દીઠ એકમાર્ગીય સફર માટે ફી ના દર રૂપિયામાં) (કન્સેશન કરાર મુજબ વર્ષ-૨૦૨૫-૨૬ માટે સુધારેલ) | રીમાર્કસ |
|---|---|---|---|---|---|
| ૧ | મોટરગાડીઓ/ જીપ | ૧.૨૦૩ | ૧૫ | ૪૦ | ગુજરાત સરકાર, માર્ગ અને મકાન વિભાગના પત્ર ક્રમાંક: મુ.મ.સ./૧૦/૨૦૧/ટો.મુ./કેબીનેટ/૧૯/ખાક. તા. ૧૨/૦૮/૧૬થી જણાવ્યા મુજબ ટોલપ્લાઝા પર કાર/જીપ/ વાન/દ્રીચક્રીય અને ગુજરાત રાજય માર્ગ પરિવહન નિગમની એસ.ટી. બસને ટોલ ભરવામાંથી મુકિત આપવાની રહેશે. |
| ૨ | મીની બસ | ૧.૮૦૫ | ૨૦ | ૬૦ | |
| ૩ | બસ | ૩.૬૧૦ | ૪૫ | ૧૧૫ | |
| ૪ | એલસીવી | ૧.૮૦૫ | ૨૦ | ૬૦ | |
| ૫ | ૨ એકસેલ વાળો ખટારો | ૩.૬૧૦ | ૪૫ | ૧૧૫ | |
| ૬ | ભારે ખટારો (૩ થી ૬ એકસેલ વાળો) | ૫.૪૧૫ | ૬૫ | ૧૭૫ | |
| ૭ | વધારે કદવાળુ વાહન | ૭.૨૨૦ | ૮૫ | ૨૩૫ | |

આ ફી, પરિયોજના ધોરીમાર્ગના માર્ગ (કન્સેશન કરારમાં વ્યાખ્યાયિત કર્યા મુજબ) નો ઉપયોગ કરતાં પરિયોજના ધોરીમાર્ગના કિ.મી. ૧૪૪/૫૦૦ ઉપર આવેલ ટોલ પ્લાઝામાં પ્રવેશતા અને ડીસા-કંસારી સેકશન

ઉપર પસાર થતાં, કિ.મી.૧૭૧/૪૫૦ ઉપર આવેલ ટોલ પ્લાઝામાં પ્રવેશતાં અને કંસારી-પાંથાવાડા-ગુંદરી સેકશન ઉપર પસાર થતાં વાહનો ઉપર, તા.૦૧/૦૪/૨૦૨૫ના રોજ ૦૦.૦૦ કલાકની અસરથી લેવામાં આવશે.

4. નીચેના પ્રકારના વાહનો ટોલમાંથી બાકાત રહેશે અને "કન્સેશનરે " તેમને ટોલ ચાર્જ વિના સવલતોનો ઉપયોગ કરવા દેવાનો રહેશે.

વીઆઈપીનું ચિહન ધરાવતા વાહનો જે સત્તાવાર અધિકૃત રીતે ભારતના નામદાર રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, વડા પ્રધાન, રાજયોના રાજયપાલો, ઉપરાજયપાલો , સંઘ પ્રદેશોના રાજયપાલો, મુખ્ય મંત્રીઓ, કેન્દ્ર અને રાજયના મંત્રીઓ, કેન્દ્ર અને રાજય વિધાનસભાના ક્ષોત્રાધિકાર ધરાવતા અધ્યક્ષાપદ સંભાળતા પદાધિકારીઓ અને લોકસભા, રાજય સભા અને રાજય વિધાનસભામાં વિરોધપક્ષાના નેતાઓ, ભારતની સર્વોચ્ચ અને ઉચ્ચ અદાલતના ક્ષોત્રાધિકાર ધરાવતા જજ, ભારતની મુલાકાતે પધારતા વિદેશી મહાનુભાવો, મોટરકારોમાં સીડી પ્રતીક ધરાવતા ભારત ખાતે નિયુકત થયેલા વિદેશી મિશનોના વડાઓ, સાંસદો, ધારાસભ્યો, કેન્દ્ર અને રાજય સરકારના વાહનો, જીએસારડીસીના અધિકારીઓ, સ્થળના સંબંધમાં તેમની વૈધાનિક ફરજો બજાવતા પરિયોજના ધોરીમાર્ગનો ઉપયોગ કરવો જરૂરી હોય તેવી વ્યક્તિઓ, સ્વતંત્ર પરામર્શક, ગણવેશધારી સશસ્ત્ર દળો, અર્ધ લશ્કરી લશ્કરી દળો અને સુરક્ષાા દળનાં વાહનો સહિત કેન્દ્ર અને રાજયના દળો, પોલીસ વાહનો, પરમવીર ચક્ર, અશોક ચક્ર, મહાવીર ચક્ર, કીર્તિ ચક્ર, વીર ચક્ર અને શૌર્ય ચક્ર જેવા વીરતા પુરસ્કારોના વિજેતાઓને સક્ષામ સત્તાતંત્રે તેમના પુરસ્કારને અધિકૃત કરતું આ◌ેળખપત્ર દર્શાવતા, જિલ્લા અને તાલુકા પંચાયતના પ્રમુખો, અગ્નિશામક દળના વાહનો, એમ્બ્યુલન્સ અને કટોકટી 'સમયમાં બચાવ કામગીરીમાં વપરાંતા વાહનો.

5. નિર્દિષ્ટ ફી યોગ્ય રીતે ચુકવ્યા વિના પરિયોજના માર્ગનો ઉપયોગ કરવા માટે ઉપયોગકર્તાને નિયંત્રિત કરવાનો અથવા પ્રતિબંધિત કરવાનો કન્સેશનરને અધિકાર છે.

6. વ્યાખ્યાઓ આ જાહેરનખામામાં, અન્યથા સંદર્ભ જરૂરી હોય એ સિવાય.

   i. **"વાસ્તવિક ફી"** એટલે પ્રયોજના -ધોરીમાર્ગનો દરેક અનુભવ અથવા તેના કોઈ ભાગનો ઉપયોગ કરનાર પાસેથી ખરેખર વસુલાત કરાતી ફી, જેમાં આ જાહેરનામાની યાદીમાં દરેક અનુભવ માટે આપેલ પાયાની ફી લાગુ પડવાપાત્ર છે.

   ii. **"વાણિજિયક સંચાલનની તારીખ" ("સીઓડી")** એટલે રાજય ધોરીમાર્ગ નં.૭ ના ઉકત અનુભાગની વાણિજિયક સંચાલન શરૂ થાય, ઉકત રાજય ધોરીમાર્ગના ઉકત અનુભાગની કામગીરી પૂર્ણ થયે સત્તાતંત્ર અને કન્સેશનર વચ્ચે કરવામાં આવેલા કરારની જોગવાઈઓને અનુરૂપ, જે દિવસે સ્વતંત્ર ઈજનેરે પૂર્ણતા પ્રમાણપત્ર અથવા કામચલાઉ પ્રમાણપત્ર આપ્યું હોય તે તારીખ;

   iii. **"સમાપ્તિ તારીખ"** એટલે સત્તાતંત્ર અને કન્સેશનર વચ્ચે કરવામાં આવેલા કરારની જોગવાઈઓ અનુસાર ઉકત કરારની મુદત પુરી થાય તે અથવા સમાપ્તિ નોટિસ ધ્વારા કરારની મુદતની પુરી કરવામાં આવે તે તારીખ;

iv. **"સ્થાનિક યાતાયાત/અવરજવર"** એટલે આ પરિયોજના ધોરીમાર્ગ ઉપર ખાનગી મોટરગાડી ધ્વારા કરવામાં આવતી અવર-જવર: પરંતુ (૧) આવી ખાનગી મોટર ગાડીની માલિક વ્યકિત ટોલ પ્લાઝાથી ૨ (બે) કિ.મી.ની હદમાં રહેતી હોવી જોઈએ, અને (૨) આવા વિસ્તારમાં જોડતા માર્ગ માટે કોઈ વિકલ્પ ન હોવો જોઈએ. શંકાના નિવારણ માટે, આવા વિસ્તારને જોડતો માર્ગ, પરિયોજના ધોરીમાર્ગને અનુરૂપ અંતરથી ૨૦%(વીસ ટકા) થી વધુ અંતરની મુસાફરી કરવી પડતી હોય તો તે માર્ગને વિકલ્પ ગણવામાં આવશે નહીં;

v. **"સ્થાનિક વાણિજિયક યાતાયાત/અવરજવર"** એટલે ટોલ પ્લાઝા વચ્ચે અને ટોલ પ્લાઝાથી બેમાંથી કોઈપણ દિશામાં ૨ કિ.મી. ની હદમાં આવેલા કોઈપણ સ્થળ વચ્ચે મોટરગાડી, એલસીવી, બસ અથવા ખટારા ધ્વારા કરવામાં આવતી યથાપ્રસંગ અવર જવર, પરંતુ તેમાં સ્થાનિક યાતાયાત /અવરજવરનો સમાવેશ થશે નહી:

vi. **"પૂલ/બ્રિજ"** એટલે કન્સેશન કરાર હેઠળ બંધાયેલો, સંચાલિત અથવા જાળવવામાં આવતો હોય એવો કોઈ પણ બ્રિજ, માર્ગ પરનો ઓવર બ્રિજ અથવા અંડર બ્રિજ;

vii. **"બસ"** એટલે એકદંર ૧૨,૦૦૦ (બાર હજાર) કિલોગ્રામથી વધારે વજન ધરાવતું કોઈ પણ ઉતારુ મોટર વાહન;

viii. **"બાહ્યમાર્ગ"** એટલે પરિયોજના ધોરીમાર્ગ ઉપરના કન્સેશન કરાર હેઠળ બંધાયેલા, સંચાલિત અથવા જાળવવામાં આવતા હેય તેવા કોઈપણ બાહ્યમાર્ગનો સમાવેશ થાય છે.

ix. **"મોટર ગાડી (કાર)"** એટલે તેમાં કોઈપણ મોટર પરિવહન વાહન, મોટર ગાડી (કાર) જીપ, વાન, ઓમની બસ, અથવા એકદંર વાહન વજન ૭૫૦૦(સાત હજાર પાંચસો) કિલોગ્રામથી વધારે ન હોય તેવું ચાર પૈડાંવાળુ મોટર પરિવહન, પરંતુ તેમાં મોટર સાઈકલ, ટ્રેકટર અથવા રોડ રોલરનો સમાવશે થતો નથી;

x. **"કન્સેશન કરાર"** એટલે જીએસારડીસી અને કન્સેશનર વચ્ચે પરિયોજના ધોરીમાર્ગના તેમના ખર્ચે મોજણી, આલેખન, ઈજનેરી કામગીરી, સંપાદન, નાણાં, બાંધકામ, વ્યવસ્થાપન, સંચાલન તથા નિભાવ અંગેની કામગીરી કરવા માટે થયેલો કરાર;

xi. **"કન્સેશનર"** એટલે જીએસઆરડીસી સાથે કન્સેશન કરાર કર્યો હોય તે વ્યકિત;

xii. **"સરકાર"** એટલે ગુજરાત સરકાર;

xiii. **"એકદંર વાહન વજન" અથવા "જીવીડબલ્યુ"** એટલે કોઈપણ વાહનની બાબતમાં મોટરવાહન અધિનિયમ ૧૯૮૮ હેઠળ વાહનનું પ્રમાણિત થયેલું અને નોંધાયેલું વાહનનું અને ભારનું કુલ વજન;

xiv. **"એમએવી અથવા ભારે ખટારો"** એટલે ૨૦,૦૦૦ કિલોગ્રામથી વધારે એકંદર વાહન વજન ધરાવતા માલવાહક ખટારા અને તેમાં ત્રણથી છ એકસેલ ધરાવતા ખટારા અને અર્થ મુવર સાધનસામગ્રીનો સમાવેશ થાય છે;